RPwD Act,2016 ની કલમ-૬૬(૨)(ઇ)(ii) ની જોગવાઇ અંતર્ગત દિવ્યાંગતા અંગેના ગુજરાત રાજ્ય સલાહકાર બોર્ડ (State Advisory Board on Disability)માં સભ્યોની નિમણૂંક કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક- SJED/DIA/e-file/17/2022/0033/CHH-1 Section
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૭/૨૦૨૫
29 JUL 2025

વંચાણે લીધા:-

(૧) The Rights of Persons with Disabilities Act,2016

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૭/૦૫/૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક:- અપગ/૧૦૨૦૧૭/૨૮૧૬૫૫/છ.૧

(૩) અત્રેનાં વિભાગનો તા.૩૧/૦૫/૨૦૨૧ નો પત્રક્રમાંક:- અપગ/૧૦૨૦૧૭/૨૮૧૬૫૫/છ.૧

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૨૨/૦૯/૨૦૨૪ નો પત્ર નં.:- DSD/SAB/e-file/226/2022/0001/PwDs Branch

આમુખ:-

વંચાણે લીધેલ ક્રમાંક-(૨) પરના તા.૧૭/૦૫/૨૦૧૭ નાં ઠરાવથી ધી રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટીઝ એક્ટ,૨૦૧૬(RPwD Act,2016) ની કલમ-૬૬ થી ૭૧ અને ૭૩ની જોગવાઈ અનુસાર દિવ્યાંગતા અંગેના ગુજરાત રાજ્ય સલાહકાર બોર્ડ (State Advisory Bond on disability) ની રચના કરવામાં આવેલ છે. RPwD Act,2016 ની કલમ-૬૬(૨)(ઇ)(ii) ની જોગવાઇ અનુસાર જિલ્લાઓનું પ્રતિનિધિત્વ કરવા માટે રોટેશનથી પાંચ સભ્યોનું દિવ્યાંગતા અંગેના ગુજરાત રાજ્ય સલાહકાર બોર્ડમાં નામાંકન રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત કરેલ પધ્ધતિ મુજબ કરવાનું રહે છે. જે અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક-(૩) નાં પત્રથી રોટેશનથી નિમવાનાં થતા પાંચ સભ્યો માટે દરેક જિલ્લા વહીવટી તંત્ર પાસેથી વિગતો મેળવી મોકલી આપવા નિયામકશ્રી,સ.સુ. ને જણાવેલ. વંચાણે લીધેલ ક્રમાંક-(૪) પરનાં પત્રથી નિયામકશ્રી,સ.સુ. એ મોકલી આપેલ બિનસરકારી સભ્યોનાં નામોની ભલામણો સરકારશ્રીનાં વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

The Rights of Persons with Disabilities Act,2016 ની કલમ-૬૬(૨)(ઇ)(ii) અંતર્ગત દિવ્યાંગતા અંગેના ગુજરાત રાજ્ય સલાહકાર બોર્ડમાં રોટેશન આધારિત નિમણૂકમાં જિલ્લાઓનું પ્રતિનિધિત્વ યોગ્ય રીતે જળવાઇ તે હેતુસર પુખ્ત વિચારણાને અંતે, રાજ્યનાં ૩૩ જિલ્લાઓને નીચે મુજબ ૫ ઝોનમાં વહેંચી પ્રત્યેક ઝોનમાંથી ૧ પ્રતિનિધિને દિવ્યાંગતા અંગેના ગુજરાત રાજ્ય સલાહકાર બોર્ડમાં નિમવાની જોગવાઇ કરવામાં આવે છે.

ઝોન-૧: કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી

ઝોન-૨:- ગાંધીનગર, અમદાવાદ, ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, અમરેલી,

ઝોન-૩:–ખેડા, આણંદ, વડોદરા, છોટાઉદેપુર, મહિસાગર, દાહોદ, પંચમહાલ

ઝોન-૪:– સુરત, તાપી, વલસાડ, ડાંગ, નવસારી, ભરૂચ, નર્મદા

ઝોન-૫:– જામનગર, મોરબી, પોરબંદર, રાજકોટ, ગીર-સોમનાથ, જુનાગઢ, દેવભૂમી દ્વારકા

૨. પ્રત્યેક ઝોનમાંથી નીચે મુજબના પાંચ બિન-સરકારી સભ્યોને દિવ્યાંગતા અંગેના ગુજરાત રાજ્ય સલાહકાર બોર્ડમાં સભ્ય તરીકે નિમવામાં આવે છે.

ઝોન-૧:– શ્રી વિનોદચંદ્ર બી. પટેલ (અરવલ્લી)

ઝોન-૨:– શ્રી ભુપતભાઈ લલીતભાઈ વ્યાસ (ભાવનગર)

ઝોન-૩:– શ્રી નિલેશ નંદગણેશ મહેતા (વડોદરા)

ઝોન-૪:– શ્રી વિરાટભાઈ પ્રવિણચંદ્ર કોઠારી (નવસારી)

ઝોન-૫:– શ્રી ડૉ.રવી બિપીનભાઈ ધાનાણી (રાજકોટ)

3. RPwD Act,2016 ની કલમ-૬૭(૧) મુજબ ઉક્ત બિનસરકારી સભ્યોની દિવ્યાંગતા અંગેના ગુજરાત રાજ્ય સલાહકાર બોર્ડમાં મુદત 03 વર્ષની રહેશે.

ઉક્ત નિમણૂક બાબતે સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(પ્રમેશ ગામેતી)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (સા.ન્યા.) ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર
- દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ઉક્ત નિમણૂંક પામેલ પાંચ બિનસરકારી સભ્યશ્રીઓ (નિયામકશ્રી. સમાજ સુરક્ષા મારફત )
- દિવ્યાંગતા અંગેના રાજ્ય સલાહકાર બોર્ડ (State Advisory Board on Disability)ના અન્ય તમામ બિનસરકારી સભ્યશ્રીઓ (નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (નિયામકશ્રી સમાજ સુરક્ષા મારફત)
- સિસ્ટમ મેનેજરશ્રી સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
- શાખા સિલેક્ટ ફાઇલ.